



## માલપુરમાં દલિત સમાજની રેલી યોજાઈ વેપારીઓએ સ્વયંભુ બંધ પાળ્યો

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે મંગળવારના રોજ ઉનામાં થયેલા દલિત અત્યાચારના વિરુદ્ધમાં ધિક્કાર રેલી યોજાઈ હતી. શાંતિપુર્ણ રેલીમાં શામળાજી-ગોધરા હાઈવે પર આવેલ માલપુર ચાર રસ્તા પર રેલીમાં જોડાયેલ દલિત સમાજ દ્વારા વાહનો રોકી ચક્કાજામ કરી વિરોધ દર્શાવ્યો હતો. કેટલાક સમય પછી પોલીસ દ્વારા દલિત સમાજના લોકો સાથે સમજાવટથી ચક્કાજામ ખુલ્લો કરાયો હતો. દલિત સમાજની પ્રચંડ રેલી મામલતદાર કચેરીએ પહોંચી મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ. માલપુર ગામના વેપારીઓ સ્વયંભુ દલિત સમાજના સમર્થનમાં દુકાન ધંધા રોજગાર બંધ રાખી સમર્થન આપ્યુ હતુ. માલપુરમાં યોજાયેલી પ્રચંડ રેલી શાંતિપૂર્ણ રીતે પુરી થતા પોલીસ તંત્ર દ્વારા રાહતનો શ્વાસ લીધો હતો.

## ડીસામાં બહેનપણી સાથે જઈ રહેલી યુવતી પર એસિડ ફેંકવાની ધમકી આપી અપહરણ થયું

ડીસા, તા. ૨૬

ડીસાના જયંત નગરમાં રહેતી યુવતી તેના નાનાના ઘરેથી તેની બહેનપણી સાથે પરત આવી રહી હતી તે સમયે બાઈક પર આવેલા શખ્સે તેના પર એસિડ ફેંકવાની ધમકી આપી અપહરણ કર્યું હતુ તેમજ ડીસાથી પાલનપુર લઈ ગયા બાદ છોડી દેતા ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ડીસાના જયંતનગરમાં રહેતી યુવતી તેને નાનાના ઘરે ગઈ હતી તેમજ તે તેની બહેનપણી સાથે સ્કૂટી પર પરત તેના ઘરે આવી રહી હતી તે દરમ્યાન અંબિકા ચોક નજીકથી પસાર થતી વખતે બાઈક પર આવેલા રાહુલ મનોજભાઈ નાણાવટીએ તેને રોકી તેની સાથે નહી આવે તો એસિડ ફેંકવાની ધમકી આપી હતી. જેથી જબરદસ્તીથી તે યુવતીને બાઈક પર બેસાડીને પાલનપુર ઢુંઢીયાવાડી ખાતે લઈ ગયો હતો જ્યાં રાહુલ નાણાવટીના મિત્રોએ તેને સમજાવતા તેને યુવતીને છોડી મુકી હતી જેથી યુવતી રિક્ષામાં બેસીને ઘરે આવી સઘળી હકીકત જણાવતા તેના પરિવારજનો દક્ષિણ પોલીસમથકે દોડી આવ્યા હતા અને અપહરણ કરનાર યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સિસોદરાની સગીરાના બળાત્કાર કેસમાં મદદગારી કરનાર આરોપી ઝડપાયો

મેઘરજ, તા. ૨૬

મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે બે માસ અગાઉ સગીરા ઉપર બળાત્કાર ગુજારાયો હતો જે ઘટનાની મદદગારી કરનાર આરોપીઓ આજ દિન સુધી પોલીસ પકડથી નાસતા ફરતા હતા. જ્યારે સગીરાના પિતા અને પરિવારજનો ઉપવાસ પર ઉતરી આવ્યા ત્યારે આ આરોપી સીપીઆઈ જે.આર. ઝાલા સમક્ષ સોમવારના રોજ બપોરના સમયે જાતે હાજર થયો હતો.

મેઘરજના સીસોદરા(મે) ગામે ગત તા. ૨૫-૫-૨૦૧૬ના રોજ મેઘરજના ઈસમ દ્વારા સગીરાનું કારમાં અપહરણ કરી નદીના કિનારે આવેલ મંદિર પાસેના બાથરૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારાયો હતો. જે બાબતે બળાત્કારનો મુખ્ય આરોપી અને મદદગારીનો આરોપી એમ મળી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બે



આરોપીઓ બાકી હતા જેમાંથી ભાજપના કહેવાતા નેતા ભાજપના મોટા મોટા કાર્યક્રમોમાં સ્ટેજ ઉપર દેખાતા નેતા અને મેઘરજ તાલુકાના મદારી વાસના આગેવાન એવા કનવરનાથ મદારીનો આરોપી પુત્ર અને બળાત્કારમાં વપરાયેલ ગાડી નેતાના સંબંધીની હોવાથી બળાત્કારની ઘટના બાદ આરોપીઓને ઘટના સ્થળેથી બાઈક પર લઈ જનાર અને સમગ્ર ઘટનામાં મદદગારી કરનાર અજય કનવરનાથ મદારી સી.પી.આઈ. સમક્ષ સોમવારના રોજ આપમેળે હાજર થયો હતો અને આરોપીની ઓળખ મંગળવારના રોજ મામલતદાર આર.કે. ઓઝા સમક્ષ કરવામાં આવી હતી. જેમાં ભોગ બનનાર સગીરાએ આરોપી અજય કનવરનાથ મદારી રહે. દામાનગર મેઘરજને ઓળખ પરેડ દરમિયાન ઓળખી બતાવતા પોલીસે આરોપીને જેલ હવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પાલનપુર આરટીઓ કચેરીના સંકુલ આગળ ગેરકાયદેસર એજન્ટોની દુકાનો પર બુલડોઝર ફર્યા

પાલનપુર, તા. ૨૬

જિલ્લા મથક પાલનપુરમાં અંબાજી હાઈવે પર આવેલ મુખ્ય આરટીઓ કચેરીના સંકુલ આગળ ગેરકાયદેસર એજન્ટોની દુકાનોના દબાણ હટાવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

છેલ્લા કેટલાય સમયથી આરટીઓની મીલીભગતના લીધે એજન્ટ પ્રથા અધિકારીઓના ટેબલ સુધી અડ્ડો જમાવી દીધો હતો. અગાઉ પણ ઉન્ચાર્જ આરટીઓ અધિકારી દ્વારા એજન્ટો પર ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જો કે સમય જતા ફરી એજન્ટોએ આરટીઓ કચેરીના મુખ્ય ગેટની આગળ પોતાની દુકાનો ખોલી દીધી હતી. ત્યારે આજ રોજ મામલતદાર અને હાઈવે ઓથોરિટી ટીમ દ્વારા બિનઅધિકૃત એજન્ટો દુકાન પર બુલડોઝર ફેરવવામાં આવ્યો છે. અને ફરી એજન્ટો આરટીઓ કચેરીમાં મુખ્ય ગેટ આગળ અડ્ડો ના જમાવે તે માટે તંત્ર દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું.

## માલપુરના શખ્સે કંપનીની લોનના હપ્તા ઉઘરાવી ૫.૭૧ લાખની ઠગાઈ કરતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના નાના કોટડા ગામના એક શખ્સ સહિત અન્ય ગામના લોકો પાસેથી એક પ્રાઈવેટ કંપનીના કલેકશન ઓફીસરના નાતે ગ્રાહકોને વિશ્વાસમાં લઈ તેમની પાસેથી લોનના હપ્તા ઉઘરાવી રૂ. ૫.૭૧ લાખથી વધુની કંપની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા વડોદરા જિલ્લાના જેતલપુર ખાતે આવેલ કંપનીના અધિકારીએ આ શખ્સ વિરૂદ્ધ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વડોદરા જિલ્લાના જેતલપુર ખાતે આવેલી એચ.આર.પી. મેનેજમેન્ટ પ્રા.લી.ના કલેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા અરવલ્લી જિલ્લાના માલપુર ગામે રહેતા રોહનભાઈ રાજેશભાઈ ગોરે કંપનીના નાતે ઈડર તાલુકાના મોટા કોટડા ગામે રહેતા કેટલાક ગ્રાહકો પાસેથી કંપનીના નામે લોનના હપ્તાની રકમ ઉઘરાવી હતી. ઉપરાંત તેમણે જિલ્લાના અન્ય સ્થળેથી પણ ગ્રાહકો પાસેથી લોનના હપ્તા પેટે રૂ. ૫,૭૧,૮૦૦ની ઉઘરાણી કરી પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી અને આ નાણાં કંપનીમાં જમા નહિ કરાવીને કંપની તથા ગ્રાહકો સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. જેથી ઈન્ડીયા બુલ્સ મોલ નામની કંપનીમાં તુષારભાઈ રાજેન્દ્રભાઈ રાયે રોહનભાઈ ગોર વિરૂદ્ધ સોમવારે ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત શ્રીમદ્ જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં આવેલ આર. જે. તન્ના પ્રેરણા મંદીરમાં એન. એસ. એસ. સ્વયંસેવકો ધ્વારા વૃક્ષોરોપણનો કાર્યક્રમ યોજાયો હતો. એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર એચ. જે. ભાવસારએ વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. આર. જે. તન્ના પ્રેરણા મંદીર આચાર્ય રમણભાઈ પટેલએ એન.એસ.એસ.ના સ્વયંસેવકોને માનવ જીવનમાં વૃક્ષોની ઉપયોગીતા અને પર્યાવરણ બાબતે ચર્ચાવિચારણા કરી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમ સંચાલન સી.શિ. હેમરાજભાઈ ચૌધરીએ કર્યું હતું.

### દલિત અત્યાચારનો આક્રોશ

## બનાસકાંઠામાં દલિત સમાજ ધર્મ પરિવર્તનના પંથે : ત્રણ માસમાં ૧૫ હજાર લોકો જોડાશે

પાલનપુર, તા. ૨૬

ઉનામાં થયેલા દલિત અત્યાચાર આક્રોશનો મામલો હવે ધર્મ પરિવર્તન સુધી પહોંચ્યો છે. બનાસકાંઠા દલિત સંગઠન દ્વારા ધર્મ પરિવર્તન માટે ફોર્મ તૈયાર કરવામાં આવ્યા છે. પાલનપુર શહેરમાં કોજી ટાવર પાસે આવેલ જિલ્લા દલિત સમાજ સંગઠનની કાર્યાલયમાં ધર્મ પરિવર્તન માટે ફોર્મ ભરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૨૦૦ જેટલા દલિત સમાજમાંથી ધર્મ પરિવર્તનમાં જોડાવા માટે ફોર્મ ભર્યા છે.

આગામી સમયમાં બનાસકાંઠા જિલ્લામાં વસતા દલિત સમાજને ધર્મ પરિવર્તનમાં ૧૫ હજારથી વધુ લોકો જોડાવામાં આવશે. બાદ જિલ્લા કલેક્ટરને તમામના ફોર્મ આપવામાં આવશે. જિલ્લા દલિત સંગઠનના પ્રમુખ દલપતભાઈ ભાટિયાએ મીડિયાને જણાવ્યું હતું કે આઝાદી બાદ પણ દલિત સમાજ પર વધતા જતા અમાનવીય અત્યાચાર પર રાજ્ય સરકાર દ્વારા કોઈ કડક પગલા લેવામાં આવ્યા નથી તેમને વુંમાં જણાવ્યું હતું કે હિન્દુ ધર્મમાં રહીને અમારા દલિત સમાજને મૃત પશુઓને ખેંચીને માર ના ખાવા પડે તે માટે હવે દલિત સમાજે આગામી સમયમાં ધર્મ પરિવર્તન કરવાનું નક્કી કર્યું છે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

બનાસકાંઠા જિલ્લામાં ગામડે ગામડે વસતા દલિત સમાજને ધર્મ પરિવર્તન માટે દલિત યુવા સંગઠન દ્વારા ફોર્મ આપવામાં આવશે. આગામી ત્રણ માસ ૧૦ થી ૧૫ હજાર દલિત સમાજના લોકોને ધર્મ પરિવર્તનમાં જોડાવાનો ટાર્ગેટ નક્કી કરાયો છે.



## શામળાજી કોલેજમાં જાયન્ટસ ક્લબ દ્વારા ભગવત ગીતા વિતરણ

જાયન્ટસ ક્લબ શામળાજી અને મોડાસાના સંયુક્ત ઉપક્રમે શામળાજી ખાતે આવેલી આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓને ભગવત ગીતા વિતરણનો કાર્યક્રમ સોમવારે યોજાયો હતો. જેમાં મોડાસા જાયન્ટસના નીલેશભાઈ જોશી, મનુભાઈ શાહ, મનોજભાઈ તેમજ શામળાજી જાયન્ટસના રવિન્દ્રસિંહ, ડૉ. ધ્રુપાલ શાહ, ચિંતનભાઈ જાની, વિપુલભાઈ તેમજ બહેચરપુરા પ્રાથમિક શાળાના આચાર્ય જીજ્ઞાબેન, ઉપાચાર્ય મંજુલાબેન ઉપરાંત સંસ્કૃતના ડૉ. મધુસુદનભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૧૨ વિદ્યાર્થીઓને ગીતાજીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મોડાસા જાયન્ટસના નીલેશભાઈ તેમજ મનુભાઈએ ગીતા વિશે સમજ આપી હતી.

## મદદનીશ સરકારી વકિલ અને એડી. પી.પી.ની જગ્યાના ઈન્ટરવ્યુ મોકુફ

સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કાનૂની સહાય અર્થે જિલ્લા સરકારી વકિલ/પી.પી. તથા મદદનીશ સરકારી/એડી.પી.પી.ની જગ્યા માટે પેનલ તૈયાર કરવા તા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ એક જાહેરાત દ્વારા અરજીઓ મંગાવવામાં આવી હતી. મળેલી અરજીઓના અનુસંધાને સંબંધિત ઉમેદવાર/વકિલોના ઈન્ટરવ્યુ તા. ૨૬-૨૭-૨૯ અને ૩૦ જુલાઈ ૨૦૧૬ના રોજ રાખવામાં આવ્યા હતા. પરંતુ અનિવાર્ય સંજોગોવશાત હાલ મોકુફ રાખવામાં આવેલ છે જેની સંબંધકર્તાઓએ નોંધ લેવા સાબરકાંઠાના અધિક જિલ્લા કલેક્ટરે જણાવ્યું છે.

## કામધેનુ યુનિવર્સિટીમાંથી બાઈક ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રાજપુરની સીમમાં આવેલ કામધેનુ યુનિવર્સિટીની એનિમલ હસબન્ડરી પ્લાન્ટની ઓરડીમાં રખાયેલ બાઈક નં. જીજે.૬.એચસી.૧૨૮૭ની ગત તા. ૨૨ જુલાઈના રોજ અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો.

## અરવલ્લી કોંગ્રેસ સમિતિ દ્વારા દલિત અત્યાચાર વિરોધમાં દમન પ્રતિકારક ધરણા યોજ્યા

મોડાસા, તા. ૨૬

ઉનાના સામઢીયાળામાં દલિતો ઉપર થયેલા અત્યાચારનો ઉગ્ર વિરોધ સમગ્ર રાજ્ય સહિત રાજ્યસભા અને સાંસદોમાં ઉગ્ર પ્રત્યાઘાતો પડી રહ્યા છે. દલિત સમાજ દ્વારા દલિત અત્યાચારના




વિરોધમાં ઠેર ઠેર રેલીયો યોજાઈ રહી છે તેમજ સામઢીયાળામાં થયેલા દલિત અત્યાચારના પગલે ઉના તાલુકામાં દેશના રાજકારણીઓની આવનજાવન સતત ચાલુ રહેતા રાજ્યના અને કેન્દ્રના રાજકારણમાં ભુકંપ સર્જાયો છે.

રાજકીય પક્ષો સહાનુભૂતિ દર્શાવી રાજકીય લાભ ખાટવા રીતસર દેશના રાજકીય પક્ષોમાં હોડ જામી છે. ત્યારે કોંગ્રેસની મજબૂત વોટબેંક ગણાતા દલિત સમાજ પર થયેલા અમાનુષી અત્યાચાર સામે કોંગ્રેસ પક્ષ દ્વારા દમન પ્રતિકાર ધરણાનુ સમગ્ર રાજ્યમાં આયોજન કરતા મંગળવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણા યોજ્યા હતા. દમન પ્રતિકાર ધરણામાં મોટી સંખ્યામાં કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરો ઉમટી પડતા મોડાસા ટાઉન પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પર ઉનામાં દલિતો પર થયેલા અત્યાચારના પગલે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દમન પ્રતિકાર ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. દલિત અત્યાચારની ઘટના બાદ વિવિધ રાજકીય પક્ષો અને આગેવાનો આ મુદ્દે રાજકીય લાભ ખાટવાના આશયથી વિવિધ કાર્યક્રમો યોજી રહ્યા છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દલિત અત્યાચારના મામલે રાજ્ય સરકાર દ્વારા કડક પગલા ભરવામાં નિષ્ફળ રહી હોવાના આક્ષેપ સાથે મોડાસા ચાર રસ્તા નજીક આવેલા ટાઉનહોલ નીચે યોજોયલા ધરણા કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહ તેમજ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, જિલ્લા સામાજીક ન્યાય સતિતિના ચેરમેન રેવાભાઈ ભાંભી, પ્રદેશ કોંગ્રેસ મંત્રી અરૂણભાઈ પટેલ, કાદરઅલી સૈયદ અને મહિલા કોંગ્રેસ અગ્રણીઓ હાજર રહ્યા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવરના જણાવ્યા મુજબ ગતિશિલ ગુજરાતમાં દલિતોની હાલત કફોડી બની છે તેમજ રાજ્યના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં દલિતો પર પાછલા પંદર વર્ષમાં દલિત અત્યાચારના બનાવમાં ખુબ જ મોટો નોંધપાત્ર વધારો થયો છે. દલિતોનો બહિષ્કાર કરવાની ઘટનાઓ તેમજ અનેક ગામડાઓમાં આજે દલિતો લગ્ન પ્રસંગે ઘોડા પર પણ બેસી શકતા નથી. તેમના સ્મશાનો પણ અલગ બનાવવા ફરજ પાડવામાં આવી રહી છે. અને રાજ્યમાં દલિત વિરોધી અને દલિતો પર અત્યાચાર કરનારા અસામાજીક તત્વોને ખુલ્લા પાડી તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મોડાસા ટાઉન પોલીસ દ્વારા સરકાર, દલિતો અને વિવિધ રાજકીય પક્ષો વચ્ચે ચાલી રહેલા વૈચારીક ઘર્ષણ ચાલી રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલ દમન પ્રતિકાર ધરણા કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# પાલનપુરના ટેકનોક્રેટ યુવાન વિપુલ ચૌધરીએ મોબાઈલમાં એન્ડ્રોઇડ એપથી બનાવી શૈક્ષણિક ગેમ

**ડીજીટલ ઈન્ડિયાનું એક અનોખુ સ્ટાર્ટઅપ ભણતરની ભૂલ ભુલામણી હવે મોબાઈલમાં સમાણી**

પાલનપુર, તા. ૨૬

આજના બાળકો મોબાઈલમાં ગેમ રમવાના ભારે શોખીન હોય છે.






પપ્પાના ખીસ્સામાંથી તક મળ્યે મોબાઈલ સેરવી લઈને ગેમ રમવા લાગી જતા હોય છે. પાલનપુરના યુવા ટેકનોક્રેટ વિપુલ ચૌધરીને વિચાર આવ્યો કે શૈક્ષણિક ગેમ બનાવી હોય તો કેવું સારૂ. આ માટે તેઓએ હેતુલક્ષી પ્રશ્નોની એક સીસ્ટમ બનાવી.

આ ફક્ત ૨ એમબીની એન્ડ્રોઈડ એપમાં વિષય અને ચેપ્ટર અનુસાર હઝારો હેતુલક્ષી પ્રશ્નો સમાવી શકાય છે. તેમાં બટન દબાવતાં જ પ્રશ્ન અને તેના જવાબોના વિકલ્પો આવી જાય છે. વિદ્યાર્થી જવાબના બટન ઉપર ક્લિક કરે ત્યારે તે જવાબ નોંધાઈ જાય છે અને પછી તરત બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આમ તે પ્રકરણનો ટેસ્ટ લેવાઈ જાય છે. ટેસ્ટના અંતે સાચા અને ખોટા સવાલજવાબનું લીસ્ટ અને પ્રાપ્ત કરેલ સ્કોર ટકાવારી સાથે ડિસ્પ્લે થાય છે. એપની મદદથી વિદ્યાર્થીની ક્યાં ભુલ થાય છે અને ક્યા વિષય ઉપર કેટલી પકડક છે તેનો સુપેરે ખ્યાલ શિક્ષક, માતાપિતા અને વિદ્યાર્થીને પોતાને આવી જાય છે. આમ બાળકનો ટેસ્ટ કોઈ શિક્ષકની મદદ વિના સચોટ રીતે લેવાઈ જાય છે. એપના ઉપયોગ માટે ઈન્ટરનેટ કનેક્ટિવિટીની આવશ્યકતા નથી તથા ગુજરાતી ફોન્ટ સપોર્ટ ના કરતા હોય તેવા મોબાઈલમાં પણ એપ સરળતાથી કામ આપે છે.

ચોથા ધોરણ માટેની એપ કાનુભાઈ મહેતા હોલમાં લોન્ચ કરાઈ હતી. વાલીઓએ આશ્ચર્ય સહ




આનંદની લાગણી સાથે તેને વધાવી લીધી હતી. વિપુલભાઈએ વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે આ સીસ્ટમ તેઓએ છ મહીના પહેલા પ્રાથમિક અંગ્રેજીના ટેસ્ટ માટે બનાવી હતી પણ સ્થાનિક કક્ષાએ કોઈ તેની સામે જોવાની તસ્દી લેતુ ન હતુ. પરંતુ વિદ્યામંદિરનું મેનેજમેન્ટ સીસ્ટમની ઉપયોગીતા અને પહોંચને પારખી ગયુ. તેઓએ આ સીસ્ટમ અપનાવાનો નિર્ણય લીધો અને અભ્યાસક્રમનો ડેટા ટાઈપ કરાવ્યો. આમ બાળકોને આ 'અજીબ' ગેમ મળી. હાલમાં ધોરણ ત્રણ, ચાર અને પાંચ ગુજરાતી મીડીયમની એપ પ્લેસ્ટોરમાં ઉપલબ્ધ છે. પાલનપુરની શાળા સોફટવેર સ્વરૂપે ડીજીટલ સ્ટડી મટિરિયલ પુરૂ પાડતી દેશની શાયદ પ્રથમ શાળા બને છે.

હવે પરીક્ષાઓમાં એમસીક્યુનું મહત્વ વધી ગયું હોઈ અમારી શાળાના બાળકો એમસીક્યુની ભરપુર પ્રેકટીસ ગમે તે સ્થળે કરી શકે તે હેતુ અમે આ Artificial Intelligence યુક્ત સોફ્ટવેરને કામે લગાડ્યું છે. સ્કુલ મેનેજમેન્ટ અને વાલી મિત્રો વચ્ચેનું કોમ્યુનિકેશન સુગમ બને તે હેતુ ડીજીટલ સ્કૂલ બુક બનાવવાનું પણ અમારૂ આયોજન છે.